ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૯ ટકા

# શહેરમાં પતંગ-દોરીના ભાવમાં ૩૦ ટકાનો વધારો






ગાંધીનગર, તા.૭

ઉતરાયણ પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ગત્ વર્ષ કરતા આ વર્ષે પતંગ-દોરીના ભાવમાં ૩૦ થી ૪૦ ટકાનો તોંતિગ ભાવ વધારો થવા પામ્યો છે ઉતરાયણના તહેવારને પણ જીએસટીનું ગ્રહણ લાગતા પતંગ રસિયાઓમાં નારાજગી પ્રવર્તિ રહી છે. પતંગ-દોરીની સાથે સાથે બાળકો માટેનું બ્યુગલ, ટોપી, ડોકટરપટ્ટી સહિતની ચીજવસ્તુઓમાં પણ અસહ્ય ભાવ વધારો થતા પતંગ રસિયાઓમાં નારાજગી જોવા મળશે.જયારે બાળકો માટે મોટું-પતલુ અને બેનટેન સહિતના પતંગ તેમજ બાળકોની સ્પેશીયલ કીટ્સે બજારમાં ભારે આકર્ષણ જમાવ્યું છે.

ઉતરાયણ પર્વમાં સવારથી સાંજ સુધી રંગબેરંગી પતંગોથી આકાશ ભરાયેલું જોવા મળે છે. પતંગ રસિયાઓમાં આકાશી યુધ્ધ ખેલાય છે.નાના બાળકથી લઈને વડીલો પણ પતંગ ચગાવવાની મોજ માણે છે. ઉતરાયણ પર્વને લઈ નાગરીકો હજ્જારો રૂપીયા ખર્ચ કરે છે. જોકે અત્યાર સુધીમાં પતંગ-દોરીના ભાવ સામાન્ય જોવા મળતા હતા. પરંતુ ઉતરાયણને પણ જીએસટીનું ગ્રહણ લાગતા નાગરીકોમાં નારાજગી જોવા મળી રહી છે. ગત્ વર્ષ કરતા પતંગ અને દોરીમાં આ વર્ષે ૩૦ થી ૪૦ ટકાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. એક કોડી ખંભાતી ચીલ ગત વર્ષે રૂ.૬૦ થી ૭૦ માં મળતી હતી તે આ વર્ષે રૂ.૧૦૦માં મળે છે. દોરીમાં પણ અસહ્ય ભાવ વધારો નાગરીકોને દઝાડશે તેવું લાગી રહ્યું છે. જયારે વેપારીઓના મતે અત્યારે હાલના સમયે ઘરાકી નથી, છેલ્લા દિવસોમાં ઘરાકી રહે છે જેમાં મોટાભાગના ગ્રાહકો હવે તૈયાર ફીરકી લેવાનું પસંદ કરે છે. દોરી રંગાવવાનો ક્રેઝ ધીમે ધીમે ઘટતો જાય છે. ઉપરાંત જીએસટીના ભાવ વધારાને પગલે દોરી પતંગના વેચાણમાં પણ આની અસર જોવા મળશે તેવું વેપારીઓ માની રહ્યા છે.

## ઉતરાયણમાં બાળકો માટે સ્પેશીયલ કીટ્સનું આકર્ષણ

ઉતરાયણ પર્વમાં નાના બાળકોને પણ પતંગ તેમજ દોરીનું ઘેલું લાગેલું હોય છે. બજારમાં મળતી દોરી તેમની નાજુક આંગળીઓને નુકશાન કરે છે. જેથી તેમના માટે સ્પેશીયલ કીટ્સ વેપારીઓ દ્વારા તૈયાર કરાઈ છે, જેમાં કાર્ટુનવાળા ૫ પતંગ, નાની ફીરકી, ચશ્મા, માસ્ક, અને બ્યુગલ સહિતની કીટ માત્ર રૂ.૫૦ માં ઉપલબ્ધ છે.

## પતંગ અને દોરીના ભાવ

ઉતરાયણમાં પતંગ અને દોરીના ભાવમાં સામાન્ય વધઘટ જોવા મળતી હતી પરંતુ આ વર્ષે જીએસટીના કારણે સફેદ ચીલ અને રંગબેરંગી ચીલ કે જે માત્ર રૂ.૪૦ થી ૬૦ માં વેચાણ થતી હતી તેના સ્થાને આ વર્ષે કોડીના રૂ.૧૦૦ થઈ ગયા છે. જયારે ચાંદેદાર કોડીના રૂ.૧૨૦, ખંભાતી રોકેટ મીડીયમ ઝુલવાળા કોડીના રૂ.૩૨૦, ખંભાતી નાની પતંગ કોડીના રૂ. ૧૦૦, જયારે અડધીયા તરીકે ઓળખાતા પતંગના પણ ભાવમાં તોંતિગ વધારો ઝીંકાયો છે. જયારે દોરીમાં સાંકળ- ૮, અગ્નિ, શકિત, ગેંડાના ટેલરના પાંચ હજાર વારના ભાવ રૂ. ૪૦૦ થી ૪૫૦ છે. જયારે તેવી જ રીતે એક હજાર વાર તૈયાર દોરીની ફીરકીના રૂ.૧૫૦ થી ૨૦૦માં વેચાણ થાય છે. જયારે વિવિધ બ્રાન્ડ અને કેટલાવાર દોરી છે તેના પર ભાવમાં પણ વિવિધતા જોવા મળે છે.

ઉતરાયણમાં ધાબા પર પતંગ-દોરીની સાથે સાથે અનેરુ આકર્ષણ ધરાવતી વિવિધ ટોપી તેમજ બ્યુગલના ભાવમાં પણ તોંતિગ વધારો થવા પામ્યો છે. રૂ.૧૦ કે ૨૦ માં વેચાતા બ્યુગલનો ભાવ અત્યારે હાલ રૂ. ૩૦ થી ૭૦ સુધી પહોંચ્યો છે.જયારે રૂ.૩૦ થી ૭૦ માં વેચાતી ટોપીઓનો ભાવ પણ રૂ.૭૦ થી રૂ.૧૨૦ થવા પામ્યો છે.

# સે-૨૩માં ક્રિએટીવ ઝોનની ટોય ટ્રેન હવે દરેક બાળકો માટે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સે-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલય સંકુલના ક્રિએટીવ ઝોન ખાતેની 'ટોય ટ્રેન' સંસ્થાના વિદ્યાર્થીઓ સિવાય પણ શહેરના ૫ વર્ષથી નીચેના ભૂલકાંઓ માટે વિના મૂલ્યે દર શનિ-રવિ સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન કડી સંકુલની આસપાસ ગેટ નં. ૧ થી ગેટ નં. ૮ સુધી ચલાવવાનો પ્રારંભ કરાયો છે. આ ટોય ટ્રેનનો લાભ ગાંધીનગરના તમામ ભૂલકાંઓ લઈ શકે તે હેતુથી આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# દોઢ મહિના પહેલા અકસ્માતમાં ઘવાયેલા વૃદ્ધનું મૃત્યુ

## કનોરીયા હોસ્પિટલ સામે તેમની લોડીંગ રીક્ષાને ટેમ્પો ડ્રાઈવરે ટકકર મારી હતી

ગાંધીનગર, તા.૭

અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં રહેતા ૬૮ વર્ષીય વૃદ્ધ ચંદુભાઈ વિરૂમલ સાવલાણી બિસ્કીટ બનાવતી કંપનીમાં નોકરી કરતા હતા. ૨૮ નવેમ્બરે તેઓ કંપનીની લોડીંગ રીક્ષામાં બેસીને બિસ્કીટનો માલ સપ્લાય કરવા ગાંધીનગર તરફ આવી રહ્યા હતા.લોડીંગ રીક્ષા કંપનીનો ડ્રાઈવર ચલાવી રહ્યો હતો તે દરમિયાન કનોરીયા હોસ્પિટલની સામે ટેમ્પો ડ્રાઈવરે લોડીંગ રીક્ષાને ટકકર મારતા રીક્ષામાં ડ્રાઈવરની બાજુમાં બેઠેલા ચંદુભાઈ સાવલાણીને ગંભીર ઈજાઓ થવા પામી હતી. દોઢ મહિનાથી તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. દરમિયાન આજે તેમનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસ મથકના જમાદાર અરવિંદજીએ ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરુ કરી છે.

## શહેરમાં ત્રિદિવસીય સત્સંગ

ગાંધીનગર, તા.૭

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર શાખાના ઉપક્રમે શિવાનંદ આઘમ, ઉત્તરકાશી નિવાસી પ્રેમાનંદજીનો સત્સંગ અને પ્રવચન તા. ૮ થી ૧૦ જાન્યુઆરી સાંજે ૫થી ૭ કલાક દરમિયાન પ્લોટ નં. ૧૦૬૫, સેકટર-૨-ડી, ચ-૨ના બસ સ્ટેન્ડ પાછળ યોજાશે. જેમાં જાહેર જનતાને નિમંત્રણ છે.




ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી પરિવારનો સ્નેહમિલન સમારંભ તા. ૪-૧-૨૦૧૮ને ગુરુવારના રોજ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાયો હતો. જેમાં મંડળીના ૨૦૦ જેટલા દૂધ વિતરણ કેન્દ્ર સંચાલકો પરિવાર સાથે તેમજ મંડળીના બોર્ડ ડીરેકટર્સ, કર્મચારીગણ અને દૂધ વિતરણ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સમાપને તમામે સમૂહ ભોજનનો આનંદ માણ્યો હતો.

# અગોરા મોલ પાસેથી રાત્રે બુમબરાડા કરતા પાંચ દારૂ પીધેલા પકડાયા

## બર્થ ડે પાર્ટી માટે ભેગા થયેલા મુંબઈના યુવાનો રાત્રે અગોરામાં ફિલ્મ જોયા બાદ નિકળીને ચિચિયારીઓ પાડતા હતા ને પોલિસ જોઈ ગઈ

ગાંધીનગર, તા.૭

અડાલજ પોલિસ ગઈ રાત્રે અગોરા મોલ રોડ પરથી પટ્રોલીંગમાં નીકળી ત્યારે રસ્તા વચ્ચે ચિચિયારીઓ પાડીને બુમબરાડા કરતા પાંચ શખ્સો દેખાયા હતા. પોલિસે સ્થળ પર જઈ પાંચેયને પકડયા તો ખબર પડી કે પાંચેય નશામાં ધૂત છે. દારૂ પીને છાકટા બનેલા પાંચેય શખ્સોની રાત્રે ધરપકડ કરી લઈને અડાલજ પોલિસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ મુંબઈ ખાતે ગારમેન્ટની ફેકટરીમાં નોકરી કરતા યુવાનો ચાંદખેડા આઈઓસી રોડ ખાતે મિત્રની બર્થ ડે પાર્ટી માટે ભેગા થયા હતા. દારૂ પીને પાંચ મિત્રો અગોરા મોલ ફરવા ગયા હતા અને રાત્રે ફિલ્મ જોઈને સાડા બાર વાગ્યાના અરરસામાં મોલની બહાર નીકળ્યા હતા. નશામાં ધૂત પાંચેય શખ્સો રસ્તા વચ્ચે ચિચિયારીઓ પાડી રહ્યા હતા અને પોતાની મસ્તીમાં હતા. તે જ દરમિયાન અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલા તેમની ટીમ સાથે ત્યાંથી પેટ્રોલીંગમાં નીકળ્યા ને આ પાંચેય ઉપર નજર પડી હતી. પાંચેયને પકડીને તપાસ કરતા પાંચેય પીધેલા હોવાનું ખુલતા ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. સુરેદ્રનગરના દિપેન પ્રદિપકુમાર દેલીવાળા, આઈઓસી રોડ ચાંદખેડાના સુધિર ભનાજી ધનાવડે, વિલાશ ધનાજી ધનાવડે, આઈઓસી રોડ સાબરમતીના અભિષેક અલ્પેશ શાહ અને આઈઓસી રોડ ચાંદખેડાના ગીરીશ વિલાશરાવ ધુમાડે મળીને પાંચેયની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ભીમાકોરેગાવમાં દલિતો પર થયેલા અત્યાચારની ઘટનાને ગાંધીનગર જિલ્લા દલિત સેનાએ સખ્ત શબ્દોમાં વખોડી

ગાંધીનગર, તા.૭

મહારાષ્ટ્ર રાજયના ભીમાકોરેગાવમાં તાજેતરમાં મનુવાદીઓ દ્વારા દલિતો ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનાને ગાંધીનગર જિલ્લા દલિત સેનાએ સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે તેમજ આ ઘટનાને પગલે ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. સરકાર દ્વારા યોગ્ય પગલા ભરવામાં નહીં આવે તો દલિત સેના ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરશે.

મહારાષ્ટ્રના ભીમાકોરેગાવમાં બ્રિટીશ ઈસ્ટ ઈન્ડીયા કંપની અને પેશ્વા સૈનિકો સામે યુધ્ધ થયુ હતું જેમાં પેશ્વા હારી ગયા હતા. અંગ્રેજી ફોજમાં મોટીસંખ્યામાં દલિત સૈનિકો સામેલ હતા. દલિતો આ યુધ્ધના જીતનો પ્રસંગ નવા વર્ષના રોજ ઉજવી રહ્યા હતા ત્યારે મનુવાદીઓ દ્વારા દલિતો ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં દલિતો ઘાયલ થયા હતા આ હિંસા આચરનાર દોષિતોને સખ્ત સજા થાય અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે તેમજ સરકારે યોગ્ય પગલા ભરવા જોઈએ. દલિતોને વળતર ચુકવવા ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી છે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ એચ. મેસરવાલા, મહામંત્રી દિનકરભાઈ પરમાર, રમેશભાઈ વાણીયા, તેમજ અન્ય હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કલેકટરે આવેદનપત્ર સ્વીકારી ઉચ્ચકક્ષાએ જાણ કરવા જણાવ્યું હતું.

## ચિરવિદાય

● સ્વ. ગલાબા વિહાજી ગોહિલ, ઉ.વ. ૮૫

# 'તમે ઘરની બહાર નીકળશો તોજ તમારામાં હિંમત આવશે'

## ગૃહિણીઓમાં ભજન મંડળ થકી ધાર્મિક ઉપરાંત સામાજિક પ્રવૃત્તિમાં જોડતા ગાંધીનગરના અનોખા નીરૂમાસી દર વર્ષે નીરૂમાસી મહિલાઓને અવનવા પ્રવાસ કરાવી તેમનામાં હિંમત સિંચનનું કાર્ય કરે છે




ગાંધીનગર, તા.૭

'હું મારી આ બધી બહેનોને કહું છું કે જો તમે ઘરની બહાર નીકળશો તો જ તમારામાં હિંમત આવશે, કંઈક કરવાની શકિત મળશે.' ગાંધીનગરમાં સેકટર-૫માં રહેતા ૭૪ વર્ષીય નિર્મળાબેન નાયક ઉર્ફે નીરૂમાસી આટલી વયે પણ સેકટરની તમામ મહિલાઓ માટે પ્રોત્સાહન શકિત બનવા પામ્યાં છે. દર વર્ષે સેકટરમાં તેમણે ઉભા કરેલા રાધાકૃષ્ણ ભજન મંડળ થકી ધાર્મિક ભકિતભાવની પ્રવૃત્તિઓ, સમાજોપયોગી સેવા કર્યો વગેરે સાથે અવારનવાર ધાર્મિક પ્રવાસોનું આયોજન કરવા સાથે તેઓ છેલ્લા આઠ વર્ષથી દર વર્ષે અંબાજી ખાતે રાજભોગ ધરાવવાનો પ્રવાસ દરેક મહિલાઓને પોતાના ખર્ચે જ કરાવે છે. આ પ્રવાસમાં ગાંધીનગરથી અંબાજી જવા-આવવા, રહેવા, ખાવા-પીવા કે રસ્તામાં ચા-નાસ્તા સહિત કોઈ પણ પ્રકારનો ખર્ચ તેઓ ઉઠાવે એટલું જ નહીં પરંતુ પ્રવાસમાં જોડાયેલ દરેક મહિલાને અંતમાં 'લ્હાણી' સ્વરૂપે શુભેચ્છા ભેટ પણ આપે છે.

અમદાવાદના મસ્કતી માર્કેટમાં એક પેઢીમાં મેહતાજીનું કામ કરતા ધાર્મિક વૃત્તિ ધરાવતા પિતાના ચાર સંતાનો પૈકી બીજા નંબરના નિર્મળાબેનના લગ્ન કલોલ પાસેના સઈજ ગામના વસુદેવભાઈ નાયક સાથે ૧૯૬૦માં થયા હતા તો સમયે અમદાવાદ સ્થિત સચિવાલયમાં કર્મચારી એવા વાસુદેવભાઈના સંયુકત કુટુંબમાં નીરૂમાસીએ સેટ થવા સાથે ભેંસ દોહવા, વાસીદાં વાળવા ઉપરાંત તે સમયે પાણીની વિકટ સમસ્યાનો સમય હોવાથી માથે પાણીના ભરેલા બેડા પણ ઉંચકયા હતા. સચિવાલયનું ગાંધીનગર ખાતે સ્થળાંતર થતા ૧૯૭૦માં અહીં રહેવા આવ્યા પછી સેકટર-૧૭માં તેમના નિવાસ દરમિયાન તેઓ જયોતિ મહિલા મંડળમાં જોડાયા હતા. આ સંસ્થાના તત્કાલીન પ્રમુખ લતાબેન ચોકસી સહિત અગ્રણી મહિલા કાર્યકરો સાથે જોડાઈને સંસ્થાના સેવાકાર્યોમાં ખભેખભા મિલાવવા લાગ્યા હતા. ઓલ્ડ એસએસસી સુધી ભણેલા અને ગૃહિણીની ફરજ નિભાવતા નીરૂમાસી કહે છે કે 'જયોતિ મહિલા મંડળ'માં જોડાવાથી મારામાં હિંમત વધી હતી.

નીરૂમાસીના બે સંતાનોમાં દિકરો પણ મોટો થઈ ડૉકટર બન્યો અને દિકરીએ આઈટી ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરી પોતાની કારકિર્દી ઘડી. આ દરમિયાન નીરૂમાસીના પતિને લીવર સીરોસીસનો રોગ લાગુ પડયો જેમાં અચાનક તેમને લોહીની ઉલટી થાય અને ચાર-પાંચ દિવસ માટે કોમામાં સરી પડે. આવી સ્થિતિ અચાનક જ સર્જાય ત્યારે નીરૂમાસી જાતે એમ્બ્યુલન્સ બોલાવી એકલા દવાખાનો લઈનો દોડે અને અમદાવાદ સ્થિત પુત્રને જાણ કરી હોસ્પિટલની વ્યવસ્થા તૈયાર રખાવે. વર્ષ ૨૦૦૬માં પતિનું અવસાન થતા સાવ એકલા પડી ગયેલા નીરૂમાસી બે મહિના સુધી તો તેમના ફોટા સામે જોઈ રહ્યા કરતા હતા છેવટે તેમણે નિશ્ચય કર્યો કે હવે મારે જાતે જ ઉભા થવાનું છે. સંતાનોની કારકિર્દી બગડવા દેવી નથી. જે નીરૂમાસી બેંક કે પોસ્ટ ઓફિસનું પગથિયું કયારેય ચઢયા નહોતા તેમણે આ બધું જ કામ પોતાની હિંમતથી શીખી લીધું અને તમામ જવાબદારી ઉપાડી લીધી કારણ કે તે સમયે તેમની પાસે અઢી વર્ષની પૌત્રીના ઉછેરની જવાબદારી હતી. પુત્રવધુ પણ ડૉકટર મળી હતી જે વધુ અભ્યાસ અર્થે તે સમયે લંડન ગયેલી હતી. આમ પણ પૌત્રી માત્ર ૨૦ દિવસની હતી ત્યારથી જ નીરૂમાસી તેમની પાસે રાખી તેનો ઉછેર કરતા હતા જેથી પુત્ર-પુત્રવધુ બંને પોતાના અમદાવાદ ખાતેના તબીબી વ્યવસાયમાં પુરતું ધ્યાન આપી શકે. આ પૌત્રીને પ્લેગૃપમાં મુકી ત્યારથી જાતે જ શાળાએ લેવા મુકવા જતા નીરૂમાસી આજે પૌત્રી ૧૬ વર્ષની થઈ છતાં હજુ પણ જાતે જ લેવા મુકવા જાય છે. જો કે સમયગાળા દરમિયાન તેમણે હવે સેકટર-૫માં નવા નિવાસસ્થાને વસવાટ સાથે જ સેકટરની મહિલાઓને એકત્ર કરી ધાર્મિક પ્રવૃત્તિઓનો પ્રારંભ કરી દીધો હતો. સદભાગ્યે તેમનું ઘર અંબાજી માતાના મંદિર પાસે જ હતું તેથી તેમણે અહીં મહિલાઓનું રાધાકૃષ્ણ ભજન મંડળ ચાલુ કર્યું જેમાં ભજન ઉપરાંત અનેક સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે વાર તહેવારે ગરીબો, દિવ્યાંગ બાળકને જમાડવા, તેમને જરુરી ચીજવસ્તુઓ પુરી પાડવી, વૃધ્ધાશ્રમના વડિલોને કપડાં સહિત અન્ય જરૂરી સામગ્રી આપવી, જમાડવા, ભેટ આપવી, ગાય કૂતરાંઓ માટે લાડુ બનાવવા, તહેવારો ઉજવવા જેમાં અન્નકૂટ કે તુલસી વિવાહ વગેરેમાં આર્થિક રીતે પણ સક્રીય ફાળો આપવો વગેરેનો સમાવેશ થાય છે.

સેકટરમાં નીરૂમાસી તરીકે જાણીતા થવા પાછળનું કારણ પણ એ છે કે દરેક ગૃહિણી મહિલાને તેઓ ઘરે ઘરે જ આ પ્રવૃત્તિઓમાં પ્રેમથી જોડતા હતા. પતિએ આત્મહત્યા કરતા ભાંગી પડેલી મહિલાને બેંક પોસ્ટ વગેરેના કામમાં ડગલેને પગલે મદદ કરવા સાથે એટલી હિંમત આપી કે તેણે પોતાના બંને સંતાનોને ભણાવી પરણાવ્યા અને પોતાનું ઘર પણ બનાવ્યું. એ જ રીતે એક મહિલાનો ૨૩ વર્ષનો જુવાનજોધ દીકરો ગુજરી જતા તેને પણ હિંમત આપી આઘાતમાંથી બહાર કાઢી મંડળની પ્રવૃત્તિઓમાં જોડી દીધી હતી. આ બધી પ્રવૃત્તિઓ સાથે પોતાના ઘરનો માળો પણ અકબંધ રાખનાર નીરૂમાસી મહિલાઓને કહે છે કે, 'જો તમે અંદરથી મજબૂત હોવ તો તમને દુનિયાની કોઈ તાકાત ડગાવી ના શકે.' ગણેશોત્સવમાં દરરોજ ચોખ્ખા ઘીની વાનગીનો થાળ ધરાવતા તેઓ ૩૫ વર્ષથી નવરાત્રિમાં એક દિવસે ઘરે ગરબો રાખે છે અને દરેક મહિલાઓને લ્હાણી આપે છે એટલું જ નહી પોતાની પૌત્રી ટયુશનમાં હોય ત્યારે સમય પસાર કરવા જે બગીચામાં સમય પસાર કરવા બેસે ત્યાંના પાણીપુરી અને શાકભાજીવાળાને પણ લ્હાણી અચુક આપે. જો કે નીરૂમાસી પ્રખ્યાત છે તેમના ધાર્મિક પ્રવાસોના આયોજનથી જેમાં તેમણે ઉજ્જૈનથી શરુઆત કરી સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના યાત્રાધામો આવરી લીધા છે. સેકટરની મહિલાઓને પાવાગઢ ખાતે હવન કરવાની કે ગંગાતટે ગંગાપૂજન કરવાની અમૂલ્ય તક નીરૂમાસીના આયોજનને કારણે પ્રાપ્ત થઈ શકી છે. નીરૂમાસી કહે છે 'આ મારી બહેનો આનંદિત થાય એટલે મારું મન ખુશ થઈ જાય છે, તેઓ જ મારી શકિત છે.'




- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com